
પૂણા ગામ


પાલ, ગૌરવપથ

ક્યા ઝોનમાં સવારે 6થી રાત્રે 8 સુધીમાં કેટલો વરસાદ (મીમીમાં)

| ઝોન | વરસાદ |
|---|---|
| સેન્ટ્રલ | 124 |
| રાંદેર | 167 |
| કતારગામ | 148 |
| વરાછા-એ | 130 |
| વરાછા-બી | 130 |
| લિંબાયત | 119 |
| અઠવા | 112 |
| ઉધના | 131 |


ઉધના મેઈન રોડ


પર્વત, સરસ્વતી વિદ્યાલય


અઠવાલાઈન્સ


પર્વતમાં હોડી સ્ટેન્ડબાય

સુરતમાં ચોમાસામાં ક્યાં સમાવવું તેની ચિંતા, આ વખતની સિઝનમાં

# 5 ઈંચ વરસાદે ચોથી વખત ફરી જળબંબોળ

**ચાર** જ કલાકમાં ચારથી પાંચ ઈંચ વરસાદને પગલે અનેક રસ્તાઓ પર પાણી ફરી વળ્યા

**મોટાભાગના** ગરનાળાઓને પાણી ભરાવાથી બંધ કરવા પડ્યા, બસના રૂટ પણ બંધ કરવા પડ્યા

**સવારના** પિક અવર્સમાં જ પડેલા વરસાદને કારણે નોકરીએ જતાં લોકો હેરાન થયાં, જનજીવન પર ભારે અસર

સુરતઃ સામાન્ય રીતે જ્યાં મોસમનો હળવો કે મધ્યમ વરસાદ જોવા મળતો હોય છે, તે સુરત શહેર આ ચોમાસે કુદરતના રૌદ્ર સ્વરૂપ અને તંત્રની નિષ્ફળતા સામે ઘૂંટણિયે પડેલું નજરે પડી રહ્યું છે. ચાલુ જુલાઈ મહિનામાં જ માત્ર ૨૩ દિવસના ટૂંકા ગાળામાં ચોથી વખત સુરત શહેરે જળબંબાકારની ભયાનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. ૭-૮ જુલાઈ અને ૨૩ જુલાઈની હોનારતમાંથી શહેર હજુ માંડ બહાર આવ્યું હતું, ત્યાં જ ૩૧ જુલાઈએ મેઘરાજાએ ફરી સુરત પર પોતાનો પ્રકોપ વરસાવ્યો.

સવારના ૧૦ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધીના માત્ર ચાર જ કલાકમાં સરેરાશ પાંચ ઈંચ જેટલો મુશળધાર વરસાદ પડી જતાં સમગ્ર શહેર ગરકાવ થઈ ગયું હતું. માર્ગો પરથી પસાર થતી ગાડીઓ નહીં પણ પાણીની સેલગાહ દેખાતી હતી. ગરનાળાઓ છલોછલ ભરાઈ જતાં અકસ્માત અને અનિચ્છનીય બનાવ રોકવા માટે તંત્રએ મોટાભાગના ગરનાળાઓ બંધ કરી દેવા પડ્યા હતા. આ જળબંબાકારની અસર સિટી બસ અને BRTS સેવાઓ પર પણ પડી, જેના પરિણામે ૨૮ જેટલા રૂટ બંધ કરી દેવાની ફરજ પડી હતી.

ભારે વરસાદને કારણે શહેરના પોશ ગણાતા વેસુ વી.આઈ.પી. રોડથી લઈને ખાટૂ શ્યામ મંદિર વિસ્તાર, અશ્વિનીકુમાર સ્મશાન રોડ, સૂર્યપુર ગરનાળું, કતારગામ, પંડોળ અને પોદાર આર્કેડ તરફ જતા મુખ્ય માર્ગો નદીના વહેણમાં ફેરવાઈ ગયા હતા. સૂર્યપુર ગરનાળા પાસે પાણીમાં અડધા ડૂબેલા વાહનો અને તેમાં ફસાયેલા લોકોના ચહેરા પર ઘેરી ચિંતા અને ભય સ્પષ્ટ જોઈ શકાતો હતો. કલાકો સુધી કાર અને બાઈકચાલકો અટવાયેલા રહ્યા. પોતાના રોજીરોજ માટે ઘરની બહાર નીકળેલા કર્મચારીઓ, શાળા-કોલેજે પહોંચવા મથતા વિદ્યાર્થીઓ અને વેપારીઓ ભારે ટ્રાફિકજામ અને કમર સુધીના પાણીમાં હાલાકી ભોગવવા મજબૂર બન્યા હતા. જેને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું હતું.

## ગરનાળાંઓ કલાકો સુધી બંધ રહેતા વાહનવ્યવહાર ખોરવાયો

### 75 વિસ્તારો પાણીમાં ગરકાવ, 10 થી વધુ રસ્તા બંધ કરાયા

શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ચાર થી સાડા છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.ઉપરાંત ઉપરવાસમાં પણ ભારે વરસાદના પગલે ખાડીઓના જલસ્તર વધતા ખાડી કીનારાના વિસ્તારોમાં પણ પાણી આવી જતા આજે 75થી વધુ વિસ્તારો પાણીમાં ગરકાવ થઇ જતા મનપાનું તંતર્ દોડતુ થયું હતું. જો કે સાંજ સુધીમાં મોટા ભાગના વિસ્તારોમાંથી પાણીનો નિકાલ કરી દેવાયાનો દાવો મનપાના તંત્ર દ્વારા કરાયો હતો. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા 10થી વધુ રસ્તાઓ બંધ કરવા પડયા હતા. જેના પર અવર જવર ના થાય તે માટે પોલીસ અને બેરીકેટ મુકાયા હતા.

### પાંડેસરાના પંચમુખી મંદિર પાસે રસ્તા જળમગ્ન

ભારે વરસાદથી પાંડેસરા સ્થિત પંચમુખી મંદિર પાસે રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં ત્યાંથી પસાર થતાં અનેક વાહનો પાણીમાં બંધ પડી ગયા હતા. રસ્તા પર પાણીના ભરાવા અને બંધ પડેલા વાહનોના કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો છે. વાહનચાલકો કલાકો સુધી અટવાઈ પડતાં ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ છે.


વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તકેદારીના ભાગરૂપે સૂર્યપુર ગરનાળું, સબરસ અને રૂપનગર અંડરપાસને બેરીકેડ કરીને બંધ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, કનકપુર રેલવે કલવર્ટ તથા અશ્વિનીકુમાર ગરનાળું, ભીમનગર ગરનાળા, ગોલાઘંટી ગરનાળું પણ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. નાગરિકોની સલામતી જળવાઈ રહે તે માટે મનપા તંત્ર દ્વારા આ રસ્તાઓ પર અવરજવર અટકાવીને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

### વરસાદી ગટરોના ઢાંકણા ખોલ્યા પણ પ્લાસ્ટિક સહિતનો કચરો પાણી નિકાલમાં વિલન બન્યો



પહેલેથી એલર્ટ મનપા તંત્રના સફાઈ કામદારો આ વખતે સવારથી જ પાણી ભરાય ત્યાં વરસાદી ગટરના ઢાંકણાઓ ખોલવા માટે લાગી પડ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો, નીચાણવાળા વિસ્તારો અને પાણી ભરાવાની શક્યતા ધરાવતા સ્થળોએ સફાઈ કર્મચારીઓ સતત તૈનાત રહી ડ્રેનેજના ગ્રેટિંગમાંથી પ્લાસ્ટિક, કચરો, ઝાડની ડાળીઓ અને અન્ય અવરોધ દૂર કરી પાણીના પ્રવાહને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વરસાદ દરમિયાન સૌથી મોટી સમસ્યા પ્લાસ્ટિકના કચરાની સામે આવી રહી છે. સફાઈ કર્મચારીઓ એક સ્થળે ડ્રેનેજ સંપૂર્ણ સાફ કરે છે, પરંતુ થોડા જ કલાકોમાં વરસાદના વહેણ સાથે ફરી મોટી માત્રામાં પ્લાસ્ટિક, થેલીઓ, બોટલો અને અન્ય કચરો ડ્રેનેજમાં આવી જતાં તે ફરી ચોકઅપ થઈ જાય છે.

### BRTS-સિટી બસના કુલ 30 રૂટ બંધ

શહેરમાં પાણી ભરાવાની સંભાવનાને ધ્યાનમાં રાખી BRTS અને સિટી બસ સેવાના કુલ 30 રૂટો તાત્કાલિક અસરથી બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. બંધ કરાયેલા રૂટોમાં BRTSના 13 રૂટ અને સિટી બસના 17 રૂટ નો સમાવેશ થાય છે.

### અગાઉ લોકોએ ભારે આક્રોશ ઠાલવ્યો હોવાથી મનપાનું તંત્ર આખી રાત જાગ્યું

અગાઉ બે વખત છપ્પો પડી જતાં અને લોકો દ્વારા માછલા ધોવામાં આવતાં આ વખતે ભારે વરસાદની આગાહીને પગલે ગુરૂવારની રાતથી મનપાનું તંત્ર ખડેપગે તૈનાત થઈ ગયું હતું. મનપાના તમામ અધિકારીઓ અને ઝોનનુ તંત્ર કમિશનર સહિત જાગતું રહ્યું હતું. ઉચ્ચ અધિકારીઓના રાત્રી રાઉન્ડ ચાલુ કરાયા હતા. શહેરમાં SDRFઅને NDRFની બચાવ ટીમોને અલર્ટ મોડ પર તૈનાત કરી દેવામાં આવી હતી. તમામ ઇમરજન્સી સેવાઓ 24 કલાક કાર્યરત રખાઈ છે.

### ડભોલી, રાશીસર્કલ, લલિતા ચોકડી અને આશ્રમ પાસે પાણી ભરાતા હાલાકી



ધોધમાર વરસાદ વરસદા પગલે કતારદામ ઝોનના હરીદર્શનનો ખાડો તેમજ ડભોલી ચાર રસ્તા પર રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. વાહન ચાલકો અને અહીંના સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. લલીતા ચોકડી,રાશિ સર્કલ અને બાલાશ્રમ પાસે પણ પાણી ભરાતા વાહન વ્યવહાર બંધ થઇ ગયો હતો. કલાકો સુધી આ સ્થિતી રહેતા લોકો અકળાયા હતા.

### અડાજણમાં વિશાળ વૃક્ષ સાથે 75થી વધુ વૃક્ષો તૂટી પડ્યાં

અડાજણ વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મી મંદિર રોડ પર એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. રસ્તા પર ઝાડ તૂટી પડતાં ત્યાં પાર્ક કરેલી એક કાર તેની નીચે દબાઈ ગઈ હતી અને કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી તૂટી પડેલા ઝાડને હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી હતી. આની સાથે શહેરમાં જુદાજુદા વિસ્તારોમાં 75 જેટલા વૃક્ષો તૂટી પડ્યા હતા.

## લિંબાયતમાં નીલગીરી સર્કલ પાસે ભૂવો પડ્યો



શહેરમાં પડી રહેલા ધોધમાર વરસાદ વચ્ચે રસ્તાઓ ધોવાવાની અને ભુવા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. લિંબાયત વિસ્તારમાં આવેલા વ્યસ્ત નીલગીરી સર્કલ પાસે રસ્તા પર અચાનક જ એક વિશાળ ભુવો પડી જતાં વાહનચાલકોને હાલાકી થઈ હતી. એક બાજુ વરસાદના કારણે પાણી ભરાવાથી વાહનચાલકો અટવાયા હતા અને ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાઈ હતી. બીજી બાજુ ચાલુ વરસાદે ધમધમતા રસ્તા પર મોટો ભુવો પડી જતાં વાહનવ્યવહાર વધુ ખોરવાયો હતો અને મોટી હોનારત સર્જાય તે પહેલા સ્થાનિકોએ તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાનો કાફલો ચાલુ વરસાદે જ તાત્કાલિક દોડી આવ્યો હતો અને ભુવાનું પૂરણ કરવાની સાથે રસ્તાને પૂર્વવત્ત કરવાની કામગીરી શરૂ કરી હતી.

### ભારે વરસાદ બાદ જિલ્લા કલેક્ટરે તમામ GIDCમાં CETP બંધ કરાવ્યા

સુરત જિલ્લામાં ભારે વરસાદની આગાહી અને સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટરે જિલ્લાના તમામ કારખાનાં તા. 31 જુલાઈ બાદ 1 ઓગસ્ટના રોજ બંધ રાખવાનો હુકમ કર્યો છે. આ સાથે જ કલેક્ટર કચેરીની સલાહના આધારે જિલ્લાના વિવિધ GIDCમાં કાર્યરત તમામ CETP (કોમન ઇફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) પણ બંધ કરાવ્યા હતા. કલેક્ટર કચેરીએ ઔદ્યોગિક એકમોને શક્ય હોય ત્યાં સુધી ઉત્પાદન કામગીરી અસ્થાયી ધોરણે સ્થગિત રાખવા અને કર્મચારીઓને સલામત રીતે તેમના ઘરે પરત મોકલવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. સાથે જ ભારે વરસાદ દરમિયાન CETPની ડ્રેનેજ અથવા કન્વેયન્સ સિસ્ટમમાં ઔદ્યોગિક ગંદા પાણીનો નિકાલ ન કરવા સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે. આ સૂચનાઓ પાંડેસરા, સચીન, પલસાણા, પીપોદરા અને કડોદરા સહિતના GIDC વિસ્તારોમાં અમલમાં મૂકવામાં આવી છે. આ અંગે જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC), નાયબ શ્રમ આયુક્ત, નાયબ નિયામક (DISH), ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), GIDC સહિત સંબંધિત તમામ વિભાગો અને અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

### ઉધના જલારામ ઇન્ડસ્ટ્રિયલમાંથી કેમિકલવાળું પાણી છોડાયું



ઉધના વિસ્તારમાં આવેલી જલારામ ઇન્ડસ્ટ્રિયલમાંથી લાલ રંગનું કેમિકલયુક્ત પાણી રસ્તાઓ પર ફરી વળ્યું હતું. ધોધમાર વરસાદની તક ઝડપીને ગેરકાયદે રીતે છોડવામાં આવેલા આ લાલ પાણીના કારણે આખો રસ્તો લાલ રંગનો દેખાવા લાગ્યો હતો. રસ્તા પર આ પ્રકારે ઝેરી અને દુર્ગંધયુક્ત પાણી ફરી વળતાં સ્થાનિક રહીશોમાં ગંભીર આડઅસરો અને આરોગ્ય સંબંધિત ચિંતા વ્યાપી ગઈ છે. સ્થાનિક ધારાસભ્ય મનુભાઈ પટેલ દ્વારા અવારનવાર આ કેમિકલ માફિયાઓ સામે કડક પગલાં ભરવા રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર કામગીરી કરવા માટે તૈયાર નથી તેવું લાગી રહ્યું છે.

## ‘હવે બોગસ આશ્વાસનો નથી જોઈતા!’, પાણી ભરાતાં અનેક સ્થળે પ્રજાનો આક્રોશ

દરેક ચોમાસે ‘સ્માર્ટ સિટી’ના કાગળ પરના દાવાઓ પાણીમાં તણાઈ જાય છે. રસ્તા પર અટવાયેલા લોકોની આંખોમાં જળબંબાકારની કરૂણતા સાથે તંત્ર સામે ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનું સ્પષ્ટ કહેવું છે કે, ‘દર વખતે એક જ ભયાનક દ્રશ્યો, એ જ બંધ પડતા રસ્તાઓ અને વરસાદ પૂરો થયા પછી તંત્ર દ્વારા આપવામાં આવતા એ જ જૂના આશ્વાસનો... હવે અમને આ ખોટા આશ્વાસનો સ્વીકાર્ય નથી.’ કુદરતના આકરા પ્રહાર સામે ઝૂકેલું સુરત આજે ફરી એકવાર પોતાના અસ્તિત્વ અને સુવિધાઓ માટે ઝઝૂમી રહ્યું છે, ત્યારે તંત્ર સામે પ્રજાનો આક્રોશ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે

# માત્ર 1 જ માસમાં સુરતમાં ફરી ત્રીજી વખત ખાડીપૂર, 5000નું સ્થળાંતર

**ભારે** વરસાદને પગલે પાંડેસરાની ભેદવાડ ખાડી ફરી ઉભરાઈ ગઈ, અન્ય ખાડીઓના લેવલ પણ વધી જતાં તંત્ર દોડ્યું

સુરતઃ આ વખતે ચોમાસામાં જુલાઈ મહિનો સુરતવાસીઓ માટે ભારે વરસાદને કારણે અનેક મુશ્કેલીઓ લઈને આવ્યો છે. ભારે વરસાદને કારણે માત્ર એક જ મહિનામાં ત્રીજી વખત ખાડીપૂરની સ્થિતિ સર્જાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે શુક્રવારે સવારે દોઢ કલાકમાં જ 2 ઈંચથી વધુ વરસાદ વરસતા ભેદવાડ ખાડીનું જળસ્તર સવારે 6 વાગ્યે 5.50 મીટરથી વધીને બપોરે 12 વાગ્યે સીધું ભયજનક 7.20 મીટર પાર કરી 7.40 મીટર સુધી પહોંચી ગયું હતું. પરિણામે આસપાસની અનેક સોસાયટીઓમાં ખાડીનું પાણી ઘૂસી જતાં લોકો ફરી એકવાર ઘરોમાં કેદ થઈ ગયા હતા. બીજી તરફ મીઠીખાડી, સીમાડાખાડી અને કાંકરાખાડીની સપાટીમાં સતત વધારો નોંધાયો હતો. સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાંથી કુલ 2,062 નાગરિકોને અને રસ્તા પર રહેતા 2943 ઘરવિહોણા લોકોને શેલ્ટર હોમ ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. કુલ 5000થી વધુ લોકોનુ સ્થળાંતર કરાયું હતું. બપોર પછી વરસાદનું જોર ઘટતાં ભેદવાડ ખાડીની સપાટી ભયજનક સપાટીથી નીચે આવી હતી અને શહેર પરથી ખાડીપૂરનું સંકટ ટળતાં સ્થાનિકો તેમજ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

### પ્રેમનગરમાં ખાડીના પાણી ઘૂસતા સ્થળાંતર કરાવાયું

ભેદવાડ ખાડી બેકાબૂ બનીને ઓવરફ્લો થતાં જ નજીકમાં આવેલા પ્રેમનગર વિસ્તારમાં ખાડીના ગંદા અને ભયજનક પાણી ઝડપથી ભરાવાના શરૂ થઈ ગયા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારમાં આવેલા મકાનોમાં પણ પૂરના પાણી ઘૂસી જતાં ભારે કટોકટી સર્જાઈ છે. સ્થાનિક રહીશના જણાવ્યા અનુસાર દર વખતે ખાડી પૂર આવે ત્યારે આ વિસ્તારમાં આશરે 5 થી 7 ફૂટ જેટલા ઊંડા પાણી ભરાઈ જાય છે, જેથી તંત્ર અને સ્થાનિક લોકો દ્વારા કોઈ પણ અણબનાવ ટાળવા માટે અત્યારથી જ અસરગ્રસ્તોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે.

### પાંડેસરાના ક્રિષ્ના નગરમાં 45નું રેસ્ક્યુ ,લિંબાયતમાં લાઉડ સ્પીકર દ્વારા સાવધાન રહેવા સૂચના અપાઈ

ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાતાં સુરતના પાંડેસરા ગામના ક્રિષ્ના નગર વિસ્તારમાંથી 45થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. સ્થાનિક પ્રશાસન દ્વારા ત્વરિત કામગીરી કરીને આ તમામ અસરગ્રસ્તોને પાંડેસરા હાઉસિંગ બોર્ડ ખાતે આવેલી શાળા ક્રમાંક 219 અને 220માં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમના માટે જરૂરી આશ્રય અને વ્યવસ્થા કરવામાં આવી છે. લિંબાયત ઝોન તરફથી સૂચના આપવામાં આવી કે આજે વરસાદ વધારે હોવાને કારણે તમે તમારો કિંમતી સામાન વ્યવસ્થિત મૂકી દો અને નીચાણવાળા વિસ્તારના લોકો સુરક્ષિત સ્થળે પહોંચી જાવ રેડ એલર્ટને પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા હવે ચેતવણી જાહેર કરવામાં આવી રહી છે.

### ભેદવાડ ખાડી ઓવરફ્લો થયા બાદ ઘટી, અન્ય ખાડીઓમાં નજીવો વધારો

| ખાડી | ભયનજક | બપોરે 12 વાગ્યે | રાત્રે 8 વાગ્યે |
|---|---|---|---|
| કાકરાપાર | 8.48 | 5.20 | 5.70 |
| ભેદવાદ | 7.20 | 7.30 | 6.90 |
| મીઠીખાડી | 9.35 | 6.65 | 7.60 |
| ભાઠેનાખાડી | 8 25 | 6.50 | 6.20 |
| સીમાડા ખાડી | 4.50 | 2.90 | 3.50 |

### ખાડી ઓવરફ્લો ના થાય તો પણ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળે છે

કેટલાક વર્ષોથી એવી સ્થિતિ જોવા મળી રહી છે કે ખાડીઓ સત્તાવાર ભયજનક સપાટીએ પહોંચે તે પહેલાં જ કિનારાના વિસ્તારોમાં પાણી ફરી વળે છે. બન્ને કાંઠે વહેવા લાગતા જ ખાડી વરસાદ અને ગટરના પાણી લેવાનું બંધ કરતી હોવાથી આ સ્થિતી થાય છે. જેથી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો અને તંત્રની ચિંતા વધી છે.

## ભારે વરસાદની આગાહી વચ્ચે ફોસ્ટાની અપીલને પગલે કાપડ માર્કેટ્સ બંધ રહી

**પાણી** ભરાતા નહીં હોવાથી રિંગ રોડની માર્કેટની દુકાનો ખુલ્લી રખાવવા વેપારીઓના એક જૂથની માંગ

સુરત : ભારે વરસાદની આગાહીથી ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઇલ એસોસિયેશન (ફોસ્ટા)એ શુક્રવારે બપોરથી તાત્કાલિક અસરથી શહેરની તમામ કાપડ માર્કેટો સંપૂર્ણ બંધ રાખવાની અપીલ કરી હતી. ફોસ્ટાની અપીલને વ્યાપક પ્રતિસાદ મળતાં રિંગરોડ સહિત શહેરની મોટાભાગની કાપડ માર્કેટોમાં વેપાર ઠપ્પ રહ્યો હતો.

જોકે, ફોસ્ટાની અપીલ છતાં રિંગરોડ સ્થિત સુરત ટેક્સટાઇલ માર્કેટ અને મિલેનિયમ માર્કેટના કેટલાક વેપારીઓએ પોતાની દુકાનો ખુલ્લી રાખી હતી. પરંતુ સલાબતપુરા પોલીસ સ્થળ પર પહોંચી વેપારીઓને સમજાવી દુકાનો બંધ કરાવી હતી. જોકે, રિંગરોડની માર્કેટ્સમાં પાણી ભરાતા નહીં હોવાથી માર્કેટની દુકાનો ખુલ્લી રખાવવા વેપારીઓના એક જૂથ દ્વારા માંગ કરવા આવી રહી છે.

### જે GIDCમાં પાણી ભરાતા નથી ત્યાં એકમો બંધ કરાવવા સામે નારાજગી

આજે ભારે વરસાદ છતાં પાંડેસરા, કતારગામ, ઇચ્છાપોર અને સચિન GIDC માં વરસાદી પાણી ભરાયા ન હતા. ઔદ્યોગિક એકમો રાબેતા મુજબ ચાલી રહ્યાં હતા ત્યાં બપોરે વિવિધ વિભાગોના અધિકારીઓએ મિલો, વિવિંગ એકમો સહિતના કારખાનાઓ બંધ કરાવતા ઉદ્યોગકારોમાં નારાજગી જોવા મળી છે. સામાન્ય રીતે દિવાળી સિઝન અને લગ્નસરા સિઝનનું ઉત્પાદન જુલાઈ મહિનાથી શરૂ થતું હોય છે. ઉદ્યોગકારોની માંગ છે કે જ્યાં પાણી ભરાતા નથી ત્યાં બળપૂર્વક એકમો બંધ ન કરાવવા જોઈએ.

### ભારે વરસાદમાં ન્યાયતંત્ર સંવેદના દાખવે: વકીલ મંડળ

સુરત જિલ્લા વકીલ મંડળે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને લેખિત રજૂઆત કરી છે કે ભારે વરસાદ અને પવનને કારણે અનેક વકીલો અને પક્ષકારો સમયસર અદાલત સુધી પહોંચી શકશે નહીં તેવી સંભાવના રહેલી છે.આથી તેમની ગેરહાજરીને આધારે કોઈપણ કેસમાં એકતરફી હુકમ, કેસ રદ કરવા, વોરંટ કે સમન્સ ઇશ્યૂ કરવા જેવી કાર્યવાહી કરવામાં ન આવે.

### મીઠી ખાડીમાં યુવાન પડી ગયો, શોધવા માટે પહેલા કચરો સાફ કરવો પડ્યો!

સુરતઃ શુક્રવારે સવારે 11.00 વાગ્યાના સુમારે સંજય નગર, નવા કમેલા અને સરદાર માર્કેટ પાછળથી પસાર થતી ખાડીમાં યુવક પડી ગયો હોવાનો કંટ્રોલ રૂમને ઈમરજન્સી કોલ મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને યુવકની શોધખોળ માટે સઘન બચાવ કામગીરી હાથ ધરી હતી. જોકે, ખાડીમાં મોટી માત્રામાં કચરો, પ્લાસ્ટિક જમા થયેલા હોવાના કારણે ફાયર ફાઈટર્સને રેસ્ક્યૂ કામગીરીમાં ભારે વિઘ્નોનો સામનો કરવો પડી રહ્યો છે. ઝોન દ્વારા જેસીબી અને અન્ય સાધનોની મદદથી ખાડીમાંથી કચરો બહાર કાઢવાની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે, જેથી યુવકની ભાળ મેળવી શકાય. ઘટનાને કલાકો વીતી ગયા હોવા છતાં, ખાડીમાં કચરાના વિશાળ સામ્રાજ્યના કારણે હજી સુધી યુવકનો કોઈ પત્તો મળ્યો નથી. સ્થાનિક લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. અને ફાયર બ્રિગેડ દ્વારા શોધખોળ અભિયાન સતત ચાલુ રાખવામાં આવ્યું છે.